©

सत्यमेव जयते

The Gujarat Government Gazette

PUBLISHED BY AUTHORITY

Vol. LXVII] THURSDAY, OCTOBER 29, 2026 / KARTIKA 7, 1948 [No. 44

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૫મી ઓક્ટોબર, ૨૦૨૬

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિદ્ધ થયેલા ગુજરાત સરકારના ગૃહ વિભાગના તારીખ: ૧૨મી ઓક્ટોબર, ૨૦૨૬ના જાહેરનામા ક્રમાંક: જીજી/૧૧૩/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૫/૮૨-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Under

The Official Secrets Act, 1923

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ હેઠળ

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓક્ટોબર, ૨૦૨૫

સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩.

ક્રમાંક: જીજી/૧૧૩/૨૦૨૬/એસબી.૫/ઓએસએ/૧૦૨૦૨૫/૮૨:- ગુજરાત સરકારનો એવો અભિપ્રાય છે કે આ સાથે જોડેલી અનુસૂચિમાં નિર્દિષ્ટ સ્થળ અંગેની માહિતી અથવા તે સ્થળનો વિનાશ અથવા તેમાં અવરોધ અથવા તેમાંની દખલગીરી દુશ્મનને ઉપયોગી થાય તેમ છે;

તેથી, હવે, ભારત સરકારના ગૃહ મંત્રાલયના તારીખ: ૪થી મે, ૧૯૬૩ના જાહેરનામા ક્રમાંક: ૨૧/૨૦/૬૨/પીઓએલએલ(૧) સાથે વાંચતા, સરકારી ગુપ્ત બાબત અધિનિયમ, ૧૯૨૩ (સન ૧૯૨૩ના ૧૯મા)ની કલમ ૨-ના ખંડ (૮)ના પેટા-ખંડ (ઘ)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, આ જાહેરનામાની *રાજપત્ર*માં પ્રસિદ્ધિની તારીખે અને તે તારીખથી અમલમાં આવે તેમ, સદરહુ અધિનિયમના હેતુઓ માટે, અનુસૂચિમાં વર્ણવેલા ગેઇલ (GAIL) (ઇન્ડિયા) લિમિટેડ (ગૅસ ઑથોરિટિ ઓફ ઇન્ડિયા લિમિટેડ)-ના ખરચ ટર્મિનલ, ગામ: ખરચ તાલુકો: હાંસોટ, જિલ્લો: ભરૂચ-ને 'પ્રતિબંધિત સ્થળ' તરીકે જાહેર કરે છે.

અનુસૂચિ

સરવે નંબર, સ્થળોના નામ અને સ્થળની હદનું વર્ણન.

ઇન્સ્ટોલેશનનું નામ	**સરનામું**	**સરવે નંબર અને ક્ષેત્રફળ**	**પ્રતિબંધિત વિસ્તારની હદ**
ગેઇલ (GAIL) (ઇન્ડિયા) લિમિટેડ ખરચ ટર્મિનલ	ગામ: ખરચ તાલુકો: હાંસોટ જિલ્લો: ભરૂચ	સરવે નંબર: ૩૪૭ (જૂનો-૪૧૦), રિસરવે નંબર: ૩૪૭ કુલ ક્ષેત્રફળ: ૭૦૦૧ ચોરસ મીટર પ્રતિબંધિત ક્ષેત્રફળ: ૫૬૯૧ ચોરસ મીટર	પૂર્વે: ફીલ્ડ ચૅનલ (ખેતરના ધોરિયા) પશ્ચિમે: સરવે નંબર: ૩૪૫, ૩૪૬ ઉત્તરે: કોસંબા-સાહોલ રોડ દક્ષિણે: સરવે નંબર: ૩૪૩

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

મોનિકા ભેડા,

સરકારના ઉપસચિવ.

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૩જી ઓક્ટોબર, ૨૦૨૬

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના તારીખઃ ૧૨-મી ઓગસ્ટ, ૨૦૨૬ જાહેરનામા ક્રમાંક: જીટીએચ/૨૦૨૬/૦૮/એફસીએસસીએડી/એડીએમ/ઈ-ફાઈલ/૫/૨૦૨૪/૧૨૨૭/ડી-નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારુ પ્રસિદ્ધ કર્યો છે.

પરિમલ જોષી,

સરકારના આસિસ્ટન્ટ ડ્રાફ્ટ્સમેન.

NOTIFICATION

Regarding

The Assistant Controller of Legal Metrology and Consumer Affairs Officer, Class II, Recruitment Rules, 2026

મદદનીશ નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોના અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૬ સંબંધી

જાહેરનામું

ગૃહ વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૧૨મી ઓગસ્ટ, ૨૦૨૬

ભારતનું સંવિધાન.

ક્રમાંક: જીટીએચ/૨૦૨૬/૦૮/એફસીએસસીએડી/એડીએમ/ઈ-ફાઈલ/૫/૨૦૨૪/૧૨૨૭/ડી:- ભારતના સંવિધાનના અનુચ્છેદ ૩૦૯ના પરંતુકથી મળેલી સત્તાની રૂએ અને આ અર્થે કરેલા તમામ નિયમો રદ કરીને, ગુજરાતના રાજ્યપાલ, આથી, અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ, ગુજરાત રાજ્યમાં, સામાન્ય રાજ્ય સેવા હેઠળ, મદદનીશ નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોના અધિકારી, વર્ગ ૨-ની જગા ઉપર ભરતીનું નિયમન કરવા માટેની જોગવાઈ કરવા નીચેના નિયમો કરે છે:-

૧. (૧) આ નિયમો મદદનીશ નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોના અધિકારી, વર્ગ ૨, ભરતી નિયમો, ૨૦૨૬ કહેવાશે.

(૨) તે, રાજપત્રમાં તેની પ્રસિદ્ધિની તારીખથી અમલમાં આવશે.

૨. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોના વિભાગ હેઠળ, સામાન્ય રાજ્ય સેવામાં, મદદનીશ નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોના અધિકારી, વર્ગ ૨-ની જગા ઉપરની નિમણૂક, જેણે-

(ક) (૧) નિયંત્રક કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોના નિયામકની કચેરી, ગુજરાત રાજ્યની તાબાની સેવામાં, કાનૂની માપવિજ્ઞાન અને ગ્રાહક બાબતોના સિનિયર નિરીક્ષક, વર્ગ ૩-ના સંવર્ગમાં ઓછામાં ઓછા સાત વર્ષ સુધી કામ કરેલું હોય; અને

(૨) ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરેલી હોય,

તેવી વ્યક્તિઓમાંથી ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણે, બઢતી માટે યોગ્ય ગણાવા માટે વિચારણાના ક્ષેત્રની અંદર "સારા" નો આધારચિહ્ન (બેન્ચમાર્ક) ધરાવતી હોય તેવી વ્યક્તિની બઢતીથી કરવી જોઈશે:

પરંતુ નિમણૂક આપનાર સત્તામંડળને એમ ખાતરી થાય કે ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલો અનુભવ ધરાવતી વ્યક્તિ બઢતી માટે ઉપલબ્ધ નથી અને તે મુદતથી ઓછી મુદતનો અનુભવ ધરાવતી વ્યક્તિને બઢતી આપીને પણ જગા ભરવાનું જાહેર હિતમાં જરૂરી છે, તો તે લેખિતમાં કારણોની નોંધ કરીને, ઉપરના પેટા-ખંડ (૧)માં નિર્દિષ્ટ કરેલી મુદતના બે તૃતીયાંશ કરતાં ઓછી નહિ તેટલી મુદતનો અનુભવ ધરાવતી હોય તેવી વ્યક્તિને બઢતી આપી શકશે; અથવા

(ખ) સીધી પસંદગીથી કરવી જોઈશે.

૩. બઢતીથી અને સીધી પસંદગીથી કરવાની નિમણૂક, અનુક્રમે ૨:૧-ના પ્રમાણમાં કરવી જોઈશે.

૪. નિયમ ૨-માં જણાવેલ જગા ઉપર સીધી પસંદગીથી નિમણૂકને પાત્ર થવા માટે ઉમેદવાર,-

(ક) ૩૬ વર્ષથી વધુ ઉમરનો હોવો જોઈશે નહિ:

પરંતુ ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ની જોગવાઈઓ અનુસાર અગાઉથી ગુજરાત સરકારની સેવામાં હોય તેવા ઉમેદવારની તરફેણમાં ઉપલી વયમર્યાદા હળવી કરી શકાશે.

(ખ) (૧) ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટીમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી વિષયો પૈકીના એક વિષય તરીકે ભૌતિકવિજ્ઞાન સાથે વિજ્ઞાન (પ્રવાહ)માં સ્નાતકની પદવી અથવા એન્જિનિયરીંગ/ટેકનોલોજીમાં સ્નાતકની પદવી ધરાવતો હોવો જોઈશે; અથવા

(૨) ટેકનિકલ (તકનીકી) પરીક્ષા બોર્ડ અથવા ભારતમાં કેન્દ્રીય અથવા રાજય અધિનિયમથી અથવા તે હેઠળ સ્થપાયેલી અથવા સંસ્થાપિત યુનિવર્સિટીઓ પૈકીની કોઈપણ યુનિવર્સિટીમાંથી અથવા તે તરીકે માન્ય થયેલી અથવા યુનિવર્સિટી ગ્રાન્ટ્સ કમિશન અધિનિયમ, ૧૯૫૬ની કલમ ૩ હેઠળ ડીમ્ડ યુનિવર્સિટી તરીકે જાહેર થયેલી બીજી કોઈપણ શૈક્ષણિક સંસ્થામાંથી મેળવેલ એન્જિનિયરીંગમાં ડિપ્લોમાં ધરાવતો હોવો જોઈશે; જે ક્ષેત્રમાં તે ડિપ્લોમાની લાયકાત ધરાવતા હોય તે ક્ષેત્રમાં ત્રણ વર્ષનો વ્યાવસાયિક અનુભવ ધરવતો હોવો જોઈશે.

(ગ) ગુજરાત મુલકી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતો હોવો જોઈશે; અને

(ઘ) ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્નેનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જોઈશે.

૫. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, બે વર્ષની મુદત સુધી અજમાયશ ઉપર રહેવું જોઈશે.

૬. (૧) સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાંચી ખાતેની અથવા બીજા કોઈપણ સ્થળ ખાતેની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ લીગલ મેટ્રોલોજિમાં ચાર મહિનાના બુનિયાદી (પાયાના) તાલીમ કાર્યક્રમમાં તાલીમ લેવાની રહેશે અને આવા તાલીમ કાર્યક્રમને સફળતાપૂર્વક પૂરો કરવાનો રહેશે:

(૨) સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવાર, અજમાયશની મુદત દરમિયાન, સફળતાપૂર્વક આવી તાલીમ લેવામાં ચૂક કરે, તો તેની અજમાયશની મુદત એક વર્ષ માટે લંબાવી શકાશે અને લંબાવેલી અજમાયશની મુદત દરમિયાન, તેણે આવી તાલીમ પરીક્ષા પાસ કરવી પડશે:

પરંતુ ઉમેદવારને વહીવટી કારણોસર, તાલીમ માટે મોકલી શકાયો ન હોય, તો આવી મુદતની, આ નિયમોમાં ઉલ્લેખેલી નિયત મુદતના સંબંધમાં ગણતરી કરવી જોઈશે નહિ:

(૩) સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારની સેવા, તે (ઉમેદવાર) તેની લંબાવેલી અજમાયશની મુદત દરમિયાન આવી પરીક્ષા પાસ ન કરે, તો સમાપ્ત કરી શકાશે:

પરંતુ આવી કોઈપણ વ્યકિતના કિસ્સામાં, રાજ્ય સરકારને એવી ખાતરી થાય કે જેમાં તેને છેલ્લી તક હતી તે પરીક્ષા તે પોતાના કાબૂ બહારના કારણસર પાસ કરી શકેલ નથી અથવા તે ગુણના ખૂબ નજીવા તફાવતથી એવી પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ રહયો હતો, તો રાજ્ય સરકાર, કારણોની લેખિતમાં નોંધ કરીને, સંસ્થા (ઈન્સ્ટિટ્યૂટ)માં ચૂકવવાપાત્ર ફી ભર્યે, તેને પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે એક વધારાની તક આપી શકશે.

"આવી વ્યકિતએ આ વધારાની તકની અંદર પરીક્ષા પાસ કરી હોય તેમજ તે સંવર્ગમાં જગા ઉપલભ્ય હોય, તો સરકાર નવી નિમણૂક માટે તેની વિચારણા કરી શકશે."

(૪) પ્રથમ તકમાં પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જાય તેવી વ્યક્તિએ, બાકીની તકોમાં પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે ફરીથી તાલીમ લેવાની રહેશે નહિ.

(૫) ઉમેદવાર, પ્રથમ તકની અંદર પરીક્ષા પાસ કરવામાં નિષ્ફળ જાય તો તે, આવી નિષ્ફળતા છતાં, તેના સ્વખર્ચે અને સંબંધિત સંસ્થા (ઈન્સ્ટિટ્યૂટ) ઠરાવે તેટલી પરીક્ષા ફી ભર્યે આવી પરીક્ષામાં ઉપસ્થિત રહેવા માટે પાત્ર થશે:

પરંતુ સીધી પસંદગીથી અથવા બઢતીથી નિમણૂક પામેલા ઉમેદવારની તે જગા પર તેની સીધી પસંદગી અથવા બઢતી પહેલાં તેણે આવી તાલીમ લીધેલ હોય અને સંબંધિત પરીક્ષા પાસ કરેલ હોય, તો તેણે ફરીથી આવી તાલીમ લેવાની રહેશે નહિ અને આવી પરીક્ષા પાસ કરવાની રહેશે નહિ.

૭. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, રાજપત્રિત અધિકારી પૂર્વ-સેવા તાલીમ અને પરીક્ષા નિયમો, ૧૯૭૦ની જોગવાઈઓ અનુસાર પૂર્વ-સેવા તાલીમ લેવાની રહેશે અને તાલીમાંત પરીક્ષા પાસ કરવાની રહેશે.

૮. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, તેની અજમાયશની મુદત દરમિયાન, ગુજરાત મુલકી સેવા કોમ્પ્યુટર ક્ષમતા તાલીમ અને પરીક્ષા નિયમો, ૨૦૦૬ની જોગવાઈઓ અનુસાર કોમ્પ્યુટરની જાણકારી અંગેની લાયકી પરીક્ષા પાસ કરવાની રહેશે.

૯. પસંદગી પામેલા ઉમેદવારે, સરકારે ઠરાવેલા નિયમો અનુસાર, ગુજરાતી અથવા હિન્દી અથવા તે બન્ને પરીક્ષા પાસ કરવાની રહેશે.

૧૦. સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવા નમૂનામાં, તેટલી રકમના અને તેટલી મુદત માટે જામીનગીરી અને જામીનખત પૂરા પાડવાના રહેશે.

૧૧. બઢતીથી અથવા સીધી પસંદગીથી નિમણૂક પામેલા ઉમેદવારે, સરકાર ઠરાવે તેવી તાલીમ લેવાની રહેશે અને તેવી પરીક્ષા પાસ કરવાની રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

કિંજલ થોરાટ,

સરકારના ઉપસચિવ.

શ્રેયાન વ્યવસ્થાપક, સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર

તા. ૧/૯/૨૦૨૬ થી ૩૦/૯/૨૦૨૬ દરમિયાન પ્રસિદ્ધ થયેલ અસાધારણ રાજપત્રની યાદી

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ (ભાગ-૯)	પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
૧	૨૧૪	ક્રમાંકઃ ૪૪૭/ભા.એ. સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૩	૦૧-૦૯-૨૦૨૬	વૈ. અને સં. બા. વિ.
૨	૨૧૫	ક્રમાંકઃ ૪૨૦/ભા.એ. સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૪	૦૨-૦૯-૨૦૨૬	,,
૩	૨૧૬	ક્રમાંકઃ ૪૨૨/ભા.એ. સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૫	,,	,,
૪	૨૧૭	ક્રમાંક: જીએચ/એસ/૨૦૨૬-૧૧/જીએડી/એમપીએ/ઈ-ફાઈલ/૧/૨૦૨૬/૨૬૨૬/કેબિનેટ	,,	,,
૫	૨૧૮	ક્રમાંકઃ ૪૨૧/ભા.એ. સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૦	૦૩-૦૯-૨૦૨૬	,,
૬	૨૧૯	સન ૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૭ (પ્રસિદ્ધિ બાકી)	,,	,,
૭	૨૨૦	ક્રમાંકઃ ૪૩૯/ભા.એ. સન-૨૦૨૬ના ગુજરાત વિધેયક ક્રમાંકઃ૨૮	,,	,,
૮	૨૨૧	જીપી/૨૦૨૬નો ૧૭/પીઆરએચઆરડીડી/એમજીએન/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૬/૨૫૦૫/સેક્શન-ખ/૨	૦૫-૦૯-૨૦૨૬	,,
૯	૨૨૨	જીએચ/પીટી/૨૧/૨૦૨૬/પીટીડી/એમએસએમ/ઈ-ફાઈલ/૨૨/૨૦૨૬/૦૦૮૪/ઘ-૧	૦૭-૦૯-૨૦૨૬	,,
૧૦	૨૨૩	જીએસ/૨૦૨૬/૨૦/જીએડી/વીએસટી/ઈ-ફાઈલ/૧/૨૦૨૬/૪૯૦૮/એસ-૧	,,	,,
૧૧	૨૨૪	જીએચ/વી/૨૦૨૬નો ૧૬૭/યુડીયુએચડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૮/૨૦૨૫/૧૮૫૬/એલ	,,	,,
૧૨	૨૨૫	જીએચકે/૨૨/એલડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૨/૨૦૨૪/૧૮૮૫/ડી સેક્શન	૦૮-૦૯-૨૦૨૬	,,
૧૩	૨૨૬	જીવાય-૧૪/એચએફડબલ્યુડી/એઆરએ/ઈ-ફાઈલ/૭/૨૦૨૪/૦૫૫૫/છ	,,	,,
૧૪	૨૨૭	જીકે/૨૫/એલડી/એમએસએમ/ઈ-ફાઈલ/૧૨/૨૦૨૬/૩૫૬૧/ડી સેક્શન	૧૦-૦૯-૨૦૨૬	,,
૧૫	૨૨૮	જીવાય/૧૭/એચએફડબલ્યુડી/એઆરએ/ઈ-ફાઈલ/૭/૨૦૨૩/૭૬૫૨/છ	૧૬-૦૯-૨૦૨૬	,,
૧૬	૨૨૯	જીકે/૨૭/૨૦૨૬/એચસીટી/૧૯૮૪/૪૧૦૬/ડી (ભાગ-૨)	,,	,,

અનુક્રમ નંબર	અસાધારણ રાજપત્રનો નંબર	જાહેરનામાનો નંબર અને તારીખ (ભાગ-૯)	પ્રસિદ્ધિની તારીખ	વિભાગનું નામ
૧	૨	૩	૪	૫
૧૭	૨૩૦	કેપી/૨૦૨૬નો ૧૬/પીઆરએચઆરડીડી/એમઆઈએસ/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૬/૧૩૦૮/સેકશન-જ	૨૧-૦૯-૨૦૨૬	,,
૧૮	૨૩૧	કેપી/૨૦૨૬નો ૨૮/પીઆરએચઆરડીડી/પીઆરસી/ઈ-ફાઈલ/૧૪/૨૦૨૫/૨૯૩૩/સેકશન-ચ	૨૧-૦૯-૨૦૨૬	વૈ. અને સં. બા. વિ.
૧૯	૨૩૨	ક્રમાંકઃ ૪૫૯/ભાષાંતર એકમ સન ૨૦૨૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૧૦	૨૩-૦૯-૨૦૨૬	,,
૨૦	૨૩૩	ક્રમાંકઃ ૪૨૯/ભા.એ. સન-૨૦૨૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૧૧	,,	,,
૨૧	૨૩૪	ક્રમાંકઃ ૪૨૬/ભા. એ. સન-૨૦૨૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૧૨	,,	,,
૨૨	૨૩૫	સન ૨૦૨૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંકઃ૧૩ (પ્રસિદ્ધિ બાકી)	,,	,,
૨૩	૨૩૬	ક્રમાંકઃ ૪૪૯/ભાષાંતર એકમ સન ૨૦૨૬ના ગુજરાત અધિનિયમ ક્રમાંક-૧૪	,,	,,

બી. જી. ઠાકુર,

શ્રેયાન વ્યવસ્થાપક,

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય,

ગાંધીનગર.

Signature Not Verified
Signed by : BHOLUSINGH G THAKUR
Senior Manager
Government Central Press, Gandhinagar
Date : 2026.10.29 16:53:27 IST